કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

# સાવરકુંડલા શહેરમાં નાવલી નદીના પોર્ટમાં તથા કિનારે દબાણ દૂર કરવા બાબતે સાવરકુંડલા મામલતદાર તરફથી કુલ 135 પાલા કેબીન ધારકોને નોટિસ ફટકારવામાં આવી..

## પાલા-કેબીન ધારકોને દબાણ દુર કરવા દસ દિવસની સમય મર્યાદા અપાઈ...




સાવરકુંડલા શહેરમાં નાવલી નદીના પોર્ટમાં તથા કિનારે સરકારી જમીનમાં કંતાન અને વાંસ થી બનેલા પાલા કેબીનો અંગેની જમીન કે રસ્તાની માલિકી નગરપાલિકાની ન હોય સરકારી જમીન હોય અને નાવલી નદીમાં આવેલ આ ગેરકાયદેસર પાલા કેબીન દૂર કરવા પાત્ર થતા હોય જે બાબતની સાવરકુંડલા મામલતદાર એ તારીખ 24 ફેબ્રુઆરી 2026 ના રોજ એક નોટિસ ફટકારી દિવસ દસ માં સ્વખર્ચે આ જમીન દબાણ દૂર કરવા માટે 135 પાલા કેબીન ધારકોને નોટિસ ફટકાવેલ છે. સમગ્ર કાર્યવાહી ની શરૂઆત અને 2005 માં કરવામાં આવેલી હતી પરંતુ પાલા કેબિન ધારકો પોતાના પાલા દૂર કરવા ન માંગતા હોય અને જમીનનો કબજો આપવા બાબતે નામદાર હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર 69 65 / 2005 અને 8,050 / 2005 અને 86 47 /2005 દાખલ કરાતા નામદાર હાઈકોર્ટ દ્વારા 14 જૂન 2005 ના ઓર્ડર થી આ અંગેની શહેરી વિકાસ વિભાગને તમોએ સાંભળી નિર્ણય કરવાનું જણાવતા અગ્ર સચિવ શહેરી વિકાસ વિભાગ ગાંધીનગર ના તારીખ 27 જાન્યુઆરી 2006 ના હુકમથી વાદા ગ્રસ્ત જમીન ની માલિકી સરકારશ્રીની હોય તેને કબજો સોંપવા બાબતની અરજી નામંજૂર કરવામાં આવેલી હતી. જે હુકમ સામે




નામદાર હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર 22 80/ 6 અન્વયે નામદાર હાઈકોર્ટ દ્વારા R/ SCA/ 22 80 / 2006 તારીખ 8-10-2025 ના રોજ ના ઓર્ડર થી પાલા ધારકોની પિટિશન અરજી ડિસમિસ કરવામાં આવેલ હતી તેમજ આ હુકમ સામે પાલા ધારકો દ્વારા નામદાર હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ R/LPA/1228/2025 ના નામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ 15 જાન્યુઆરી 2026 થી કરવામાં આવેલ ઓર્ડર મુજબ પાલા ધારકોની LPA અરજી ડિસમિસ કરવામાં આવેલ છે. તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા RCA/2280/2006 તારીખ 8-10- 2025 ના કામે થયેલ ઓર્ડર કાયમી રાખવામાં આવેલ છે. આ બાબતે નામદાર હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ R/SCA/2280,/2006 તારીખ 8-10- 2025 તથા LPA/1228/2025 તારીખ 15 જાન્યુઆરી 2026 ના ઓર્ડરથી પાલા ધારકોની પિટિશન અરજીઓ ડિસમિસ કરવામાં આવેલ હોય તથા તેઓના દ્વારા કરવામાં આવેલ દબાણ વાળી જમીન સરકારશ્રીની માલિકી હોવાનું પ્રસ્થાપિત કરેલ હોય જેથી આ નોટિસ મળે છે. વાદગ્રસ્ત સરકારી જમીનમાં કરવામાં આવેલ દબાણ પાલા કેબીન સ્વખર્ચે દિવસ 10 માં દૂર કરવા જણાવવામાં આવેલ છે દબાણકર્તાઓ દ્વારા નિયત સમયમાં દબાણ દૂર નહીં કરવામાં આવે તો અત્રેથી દબાણ ખુલ્લુ કરવામાં આવશે જે અંગેની તમામ જવાબદારી દબાણકર્તાઓની રહેશે તેમ નોટિસમાં જણાવવામાં આવ્યું હતું દબાણ દૂર કરવા બાબતે સાવરકુંડલા મામલતદાર તરફથી કુલ 135 પાલા કેબીન ધારકોને નોટિસ ફટકારવામાં આવી છે અને દસ દિવસની સમય મર્યાદા મુજબ અંદાજે 6 ફેબ્રુઆરી 2026 ના રોજ આ મુદત પૂર્ણ થાય છે.2005 થી 2026 એટલે કે 21 વર્ષની કાનૂની લડાઈ બાદ આખરે આ જમીન ઉપર કરેલ દબાણ દૂર કરવા માટે ની કાર્યવાહી આખરી તબક્કામાં છે.



**આ નાવલી નદી ઉપર હાલમાં રિવરફ્રન્ટ અંદાજે 52 કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલો હોય તેનું કામ પૂરજોશ માં શરૂ છે**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

## કોન બનેગા માલામાલ-૨૦૨૬ ??

ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 26/02/2026

# ચૈત્રી નવરાત્રિમાં સા.કુંડલાથી કનકાઈ એસટી બસ શરૂ કરવા માંગ..

શ્રી કનકાઈ માતાજીનું મંદીર એ ભારત દેશનાં પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજયનાં જૂનાગઢ જિલ્લામાં મધ્યગિરમાં આવેલું છે. જે તુલસીશ્યામથી આશરે ૨૨ કિલોમીટર દુર જંગલ માર્ગે આવેલું છે. આ સ્થળ કુદરતી સૌદર્યથી ભરપુર છે. આમ કનકાઈથી સાસણ ૨૪, વિસાવદર ૩૨, અને અમરેલી ૭૫ કિલોમીટર દુર આવેલ છે. ત્યારે સાવરકુંડલાના સેવાભાવી અને સિનિયર સીટીઝન અગ્રણી નયનભાઈ ગાંધી અને તેમની ટીમ દ્વારા સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજરને પત્ર પાઠવી સાવરકુંડલાથી કનકાઈ સુધીની લોકલ બસ ચૈત્રી નવરાત્રી દરમિયાન ચાલુ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. સાવરકુંડલા ડેપોની સાવરકુંડલાથી આગામી ચૈત્ર માસ તારીખ 19 માર્ચ 2026થી 27 માર્ચ દરમિયાન સાવરકુંડલા કનકાઈ માતાજીની બસ સુવિધા શરુ કરવા અંગે રજુઆત કરવામાં આવી હતી. ગીર મધ્યે આવેલ કનકાઈ માતાજી મંદિરમાં માતાજીની ભક્તિ અને આરાધના માટે ચૈત્રી નવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરવાના આવે છે. ચૈત્રી નવરાત્રી દરમિયાન માતાજીના અનેક ધાર્મિક કાર્યક્રમ થાય છે ત્યાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત પણ રહે છે બધા હિન્દુ ભક્તો માટે એક અનેરો અવસર હોય છે અને દરેક ધાર્મિક ભક્તો કનકાઈ માતાજીના દર્શન કરવા માટે તત્પર હોય છે.સામાન્ય સંજોગોમાં ત્યાં જવા માટે કોઈપણ બસ સુવિધા સાવરકુંડલાથી નથી પરંતુ જો આ સમય દરમિયાન સ્પેશ્યલ બસ 10 દિવસ માટે દોડાવવામાં આવે તો સાવરકુંડલા આજુબાજુના વિસ્તારો તેમજ ચલાલા, ધારી વિસ્તારની ધર્મપ્રેમી જનતાને કનકાઈ માતાજીના દર્શનનો બહોળો લાભ મળી રહે તેમ છે.કનકાઈ માતાજીનું મંદિર પ્રાચીન સમયથી આવેલું છે અને ઘણા કુટુંબોના કુળદેવી પણ છે જેથી ચૈત્રી નવરાત્રી દરમિયાન બસ સુવિધા આપવા માંગ કરવામાં આવી હતી. આમ, બસ શરૂ કરાઈ તો લોકોને ફાયદો થશે. તેવું જણાવવામાં આવ્યું હતું.





તારીખ : 26/02/2026

# સાવરકુંડલા : ઓળીયા - ચરખડિયા વચ્ચે એસ.ટી. બસ અને ઓટો રીક્ષા વચ્ચે અકસ્માત



સાવરકુંડલા તાલુકાના ઓળીયા અને ચરખડિયા વચ્ચેના રસ્તા પર આજે એક ગંભીર રોડ અકસ્માત સર્જાયો હતો. મહુવાથી જામનગર જતી એસ.ટી. બસ (રૂટ: મહુવા - જામનગર) ને ઓળીયા - કરજાળા વિસ્તારમાં ઓટો રીક્ષા સાથે અકસ્માત નડ્યો.પ્રાપ્ત માહિતી અનુસાર, રીક્ષા ચાલકે એસ.ટી. બસને ઓવરટેક કરવાના પ્રયાસ દરમિયાન અકસ્માત થયો. અકસ્માતમાં રીક્ષા ચાલકનો તેમજ પેસેન્જર નો આબાદ બચાવ થયો છે, રીક્ષા ની અંદર બેઠેલા ચાર વ્યક્તિને નાની મોટી ઈજા પહોંચી છે, પ્રાથમિક સારવાર સાવરકુંડલા આપ્યા બાદ અમરેલી રિફર કરવામાં આવ્યા છે. પરંતુ રીક્ષા સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગઈ છે. એસ.ટી. બસને પણ નોંધપાત્ર નુકસાન થયું હોવાનું જાણવા મળે છે, જોકે બસમાં સવાર મુસાફરોને કોઈ ગંભીર ઈજા થઈ નથી.



ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# જમીન વેચવાની છે...

25 વીઘા, રોડ ટચ, ચરખડીયા- નેસડી રોડ ટચ જમીન વેચવાની છે..

: સંપર્ક :

મો. 83207 63101/9725258282

તારીખ : 26/02/2026

# અમરેલીમાં 31 હજારથી વધુ વિદ્યાર્થીઓની 48 કેન્દ્ર પર પરીક્ષા શરૂ...



26 ફેબ્રુઆરી 2026 ગુરુવારના રોજ બોર્ડની પરીક્ષા શરૂ થઈ છે ત્યારે અમરેલી જિલ્લામાં બોર્ડની પરીક્ષામાં જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા પ્રથમ વિદ્યાર્થીઓને પૂષ્પ આપી મોં મીઠા કરાવ્યા અને વિદ્યાર્થોઓને શુભેચ્છા આપી કેન્દ્ર ઉપર નિરીક્ષણ કર્યું. સીસીટીવી કેમેરાની ચકાસણી કરી કેન્દ્ર ઉપર દરેક કલાકના સીસીટીવી ફૂટેજ ઉપર મોનીટરીંગ કર્યું અને તકેદારી રાખવા માટે શાળા કેન્દ્ર શિક્ષણ વિભાગને જરૂરી સૂચના આપી હતી.અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તમામ કેન્દ્રો પર વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તકેદારીના ભાગરૂપે કેટલાક કેન્દ્રો પર વર્ગ-1 અધિકારીઓની નિમણૂક કરાઈ છે. જરૂરી એવી પીવાના પાણીની વ્યવસ્થા, સેનિટેશનની સુવિધા અને ઈમરજન્સી જરૂરિયાત માટે પીએચસી સેન્ટરના સંપર્ક નંબરો પણ ઉપલબ્ધ કરાવાયા છે, જેથી આરોગ્ય વિભાગની મદદ તાત્કાલિક મેળવી શકાય અનેપરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા, DYSP, PI અને PSI સહિતના અધિકારીઓને આ અંગે સૂચનાઓ આપવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે. ત્યારે પ્રથમ દિવસે કલેક્ટર સહિત અધિકારીશ્રીઓ, રાજકીય સામાજિક અગ્રણીઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપી મોં મીઠું કરાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન

## ભાડે આપવાનું છે...

૨ રૂમ, હોલ,
કીચન, સંડાસ,
બાથરૂમ, ફળીયુ,
હવાઉજાસવાળુ,
ફુલ સગવડતા સાથે
ભાડે આપવાનું છે..

મો. 97240 97835

કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

# ગુજરાત સરકારનો લગ્ન નોંધણી કાયદો માહિતી અને સ્વતંત્રતા સંબંધિત મુદ્દા




**દેવર્ષિ બોરીસાગર**

(B.A.LLB , LLM )

એડવોકેટ , ગુજરાત હાઈકોર્ટ


1. ગુજરાત સરકારનો લગ્ન નોંધણી કાયદો શું છે? ગુજરાત સરકારે લગ્ન નોંધણી (Marriage Registration) ને વધુ કડક અને ફરજિયાત બનાવવા માટે કાયદાકીય વ્યવસ્થા કરી છે. આ કાયદા મુજબ:દરેક લગ્ન નક્કી સમયમર્યાદામાં નોંધણી કરાવવી ફરજિયાત છેનોંધણી ન કરાવનાર પર દંડ અથવા પેનલ્ટી લાગુ થઈ શકેલગ્ન નોંધણી માટે આધાર કાર્ડ, ઓળખ પુરાવો, સરનામું પુરાવો, ફોટા અને સાક્ષીઓ જરૂરી છેઆ નિયમ તમામ ધર્મ અને સમાજ માટે લાગુ પડે છે.

આ પ્રકારના કાયદા સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓ (જેમ કે Seema vs Ashwani Kumar, 2006) પછી દેશભરમાં પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

2. કાયદાના હેતુ (સરકારનો દાવો)સરકારના કહેવા મુજબ આ કાયદાનો હેતુ:બાળલગ્ન રોકવામહિલાઓના અધિકારો સુરક્ષિત કરવાબોગસ લગ્ન અને બહુવિધ લગ્ન પર નિયંત્રણકાનૂની પુરાવો ઉપલબ્ધ કરાવવોસામાજિક આંકડા અને રેકોર્ડ સુધારવા

3. એડવોકેટ તરીકે સ્વતંત્રતાનો ભંગ – કાનૂની દૃષ્ટિકોણ લગ્ન નોંધણી ફરજિયાત બનાવવું કેટલાક સંવિધાનિક અધિકારો સાથે સંઘર્ષ સર્જી શકે છે.

(A) વ્યક્તિગત સ્વતંત્રતા પર અસર – Article 21ભારતીય સંવિધાનનો આર્ટિકલ 21 – જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા

વ્યક્તિને લગ્ન કરવું કે કેવી રીતે કરવું તે વ્યક્તિગત નિર્ણય ગણાય છે.

ફરજિયાત નોંધણી અને દંડ= વ્યક્તિની પ્રાઈવસી અને વ્યક્તિગત પસંદગીમાં સરકારનો હસ્તક્ષેપSupreme Court (Puttaswamy case) મુજબ

વ્યક્તિગત બાબતોમાં સરકારનો અતિશય દખલ ગેરકાયદેસર હોઈ શકે છે.

(B) ધર્મની સ્વતંત્રતા પર અસર – Article 25લગ્ન ઘણી વખત ધાર્મિક સંસ્કાર તરીકે માનવામાં આવે છે.

દરેક ધર્મ માટે એકસરખી સરકારી પ્રક્રિયા= ધાર્મિક સ્વતંત્રતા પર પરોક્ષ પ્રતિબંધકેટલાક સમાજોમાં માત્ર ધાર્મિક વિધિથી લગ્ન માન્ય માનવામાં આવે છે, ત્યાં ફરજિયાત નોંધણી

સંસ્કૃતિ અને પરંપરાઓમાં હસ્તક્ષેપ લાગે શકે છે.

© ગોપનીયતા (Privacy) નો મુદ્દોલગ્નની વિગતો સરકારના ડેટાબેઝમાં હોવી

વ્યક્તિગત માહિતીના દુરુપયોગનો ખતરો ડેટા લીક અને સર્વેલન્સની શક્યતા

( D ) ગરીબ અને ગ્રામ્ય લોકો માટે અસમાનતાફરજિયાત ઓનલાઈન નોંધણી, દસ્તાવેજો અને ફી

આર્થિક રીતે નબળા વર્ગ માટે અપ્રત્યક્ષ ભેદભાવ (Indirect Discrimination) બની શકે છે

Article 14 (સમાનતા અધિકાર) નો મુદ્દો ઉભો થાય છે .

4. કોર્ટનો દૃષ્ટિકોણ (કાનૂની સંતુલન) સુપ્રીમ કોર્ટ એ ફરજિયાત નોંધણીને સંપૂર્ણપણે અસંવિધાનિક જાહેર કરી નથી.પરંતુ કોર્ટ કહે છે:લગ્ન નોંધણી વ્યવસ્થિત કરવા માટે યોગ્ય છેપરંતુ લગ્ન ન કરાવવાનો કે નોંધણી ન કરાવવાનો વ્યક્તિગત અધિકાર પર અતિશય દંડ નહીં હોવો જોઈએ.

5. દેવર્ષી બોરીસાગર (એડવોકેટ) તરીકે મારો સંતુલિત અભિપ્રાય “લગ્ન નોંધણી કાયદો કાનૂની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ તેને ફરજિયાત બનાવી દંડ લગાવવો વ્યક્તિગત સ્વતંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા અને પ્રાઈવસીના અધિકારો સાથે સંઘર્ષ પેદા કરી શકે છે. સરકારને પ્રક્રિયા સરળ, મફત અને સ્વૈચ્છિક રાખવી જોઈએ, જેથી નાગરિકોના મૂળભૂત અધિકારોનો ભંગ ન થાય.”

તારીખ : 26/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર - સાવરકુંડલા

1928-2028 શતાબ્દી વર્ષ અંતર્ગત

# 50 વર્ષથી વધુ ઉંમરના

# ભાઈઓ બહેનો માટે રમોત્સવ

**શારીરિક અને માનસિક પ્રતિક્રિયાઓના સમન્વય સાથેની ઈજા મુક્ત ફની ગેમ રમોત્સવ નું આયોજન કરી રહ્યા છીએ. જે 50 વર્ષથી વધારેની ઉંમરવાળા સુજ્ઞ નગરજનો માટે ખાસ આયોજન કરેલ છે.**

ખરેખર આપને આનંદ આવશે એક સાથે શુભ વિચારોનું વૃંદ રચાશે, ટેન્શન માંથી આટલો સમય મુક્ત થઈશું, બાળપણ નો અનુભવ ફરી તાજો કરીશું આ સ્પર્ધામાં ભાગ લેવા નીચેના નંબર પર આપ રજીસ્ટ્રેશન કરી શકશો...

અંતમાં તણાવ મુક્ત રહેવાના ભાગ લેવા તત્કાલ રજિસ્ટ્રેશન કરાવી લેશો.

## સૂચનાઓ

૧) સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનોની અલગ અલગ સ્પર્ધાઓ યોજાશે બંનેના વિજેતાઓને ઈનામ મળશે

૨) રજીસ્ટ્રેશન અગાઉથી કરનારને ભાગ લઈ શકશે

૩) અંતમાં આપણે સૌ સાથે ઈડલી સંભાર નો આનંદ માણીશું.

**સ્થળ: વ્યાયામ મંદિર તારીખ: ૧/૩/૨૬ , રવિવાર**

**સમય : સવારના 7:30 કલાકે**

: રજીસ્ટ્રેશન તથા વધુ વિગત માટે સંપર્ક :

**શ્રી કેતનભાઈ ખુમાણ - મો. ૯૭૨૩૨ ૬૬૬૪૩**

**કન્વીનર, શતાબ્દી મહોત્સવ કમિટી**

ક્રેડેડ NEWS
તારીખ : 26/02/2026

# અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે ધો.૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યો

અમરેલી તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બુધવાર) તા. ૨૬ ફેબ્રુઆરીથી અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓનો પ્રારંભ થશે. બોર્ડની પરીક્ષાની પૂર્વ સંધ્યાએ અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે તમામ વિદ્યાર્થી મિત્રોને જિલ્લા પ્રશાસન તરફથી શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે વિદ્યાર્થીઓને ભય રાખ્યા વગર આત્મવિશ્વાસ એકાગ્રતા સાથે પરીક્ષા આપવા માટે સૂચન કર્યું છે. તેમણે જણાવ્યું કે, પરીક્ષા જીવનનો એક મહત્વપૂર્ણ પડાવ છે, પરંતુ તે આપણા જીવનનું અંતિમ લક્ષ્ય નથી. આ પરીક્ષા વિદ્યાર્થીઓના જ્ઞાન, મહેનત અને સંકલ્પનું પ્રતિબિંબ છે. તેથી કોઈપણ પ્રકારનો તણાવ કે ભય રાખ્યા વગર આત્મવિશ્વાસ, એકાગ્રતા અને શાંતિ સાથે પરીક્ષા આપવી.તેમણે ઉમેર્યું કે, 'મને વિશ્વાસ છે કે, વિદ્યાર્થીઓએ વર્ષભર જે મહેનત કરી છે, તેનું ઉત્તમ પરિણામ જરૂર મળશે. નિયમિત અભ્યાસ, સકારાત્મક વિચાર અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપો તેવી શુભકામના પાઠવું છું જિલ્લા વહીવટીતંત્રની વ્યવસ્થાઓ અંગે માહિતી આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી–માર્ચ 2026 દરમ્યાન લેવાતી જાહેર પરીક્ષાઓમાં અમરેલી જિલ્લામાંથી ધોરણ ૧૦ (SSC) ના કુલ ૧૯,૫૬૭ તથા ધોરણ ૧૨ (H S C ) ના કુલ ૧૨,૧૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઈ રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાઓ સુચારુ અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.'

## તણાવ કે ભય રાખ્યા વગર આત્મવિશ્વાસ એકાગ્રતા અને શાંતિ સાથે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને જિલ્લા કલેક્ટરશ્રીનું સૂચન

તારીખ : 26/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવેલીશેરીમાં દુકાન બે વેચવાની છે/ ભાડે આપવાની છે...

## કોમ્પ્યુટરનું ટેબલ મોટુ ૬ ફુટનુ વેચવાનું છે.

**મો. 90333 33692**

તારીખ : 26/02/2026

### શ્રી સદ્દગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા

# વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ



આજ રોજ તારીખ 26/02/2026ને ગુરુવારે શ્રી સદ્દગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સવાર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખો ના રોગ થી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ની અંદર ઓ પી ડી માં 92 દર્દીઓને લાભ લીધો હતો. અને તેમજ મોતિયા ના ઓપરેશન માટે 21દરદી લાભ લીધો હતો આ કેમ્પ નુ દિપ પ્રાગટય કબિર ટેકરી સાવરકુંડલા ના મહંત શ્રી નારણદાસ સાહેબ તથા ટ્રસ્ટીગણ તથા સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ ના ટ્રસ્ટી વિશાલ વ્યાસ, માધવ વ્યાસ જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા,સુદર્શન નેત્રાલય ના કર્મચારી અતુલભાઈ દવે નિલેષભાઈ ભીલ,



હિંમતભાઈ કાછડીયા તથા તેમના સમગ્ર સ્ટાફ કબીર ટેકરી ના સ્વયંમ સેવકો જોડાયા હતા વગેરે સેવા આપી હતી... આ કેમ્પ દર મહિના ના ચોથા ગુરુવારે છેલ્લા 18 વર્ષ થી યોજાય છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડૉ. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડૉ. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 26/02/2026

# પીઠવાજાળમાં બાળકી પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો



16 ફેબ્રુઆરી 2026 ના રોજ અમરેલીના પીઠવાજાળ ગામે ખેડૂતની વાડીમાં ખેતીકામ કરી રહેલા ખેત મજૂર પરિવારની પાંચ વર્ષિય બાળકી પર દિપડાએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ગ્રામજનોએ તાત્કાલીક દિપડાને પકડવાની માંગ કરી હતી. વન વિભાગની ટીમે અહીં દિપડાની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ દિપડાની કોઈ ભાળ ન મળતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.વન વિભાગની ટીમે જુદા જુદા સ્થળે દિપડાને પકડવા માટે પાંજરા ગોઠવ્યા હતા. પીઠવાજાળમાં અંતે દિપડો પાંજરે પુરાયો હતો. જેના કારણે ગ્રામજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 26/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## પનીર સાસલીક સીઝલર



Aavkar
RESTAURANT & BANQUET HALL

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005
Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 26/02/2026

# અમરેલી જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ..

## સાવરકુંડલામાં વિદ્યાર્થીઓને મોં મીઠા કરાવતા અગ્રણીઓ..




26 ફેબ્રુઆરી 2026 ગુરુવારના રોજ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે પ્રથમ વિદ્યાર્થીઓને મોં મીઠા કરવામાં આવ્યા હતા ત્યારે સાવરકુંડલામાં ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષા માં તમામ પરીક્ષાર્થીઓ ને મીઠું મો કરાવી શુભકામના વિદ્યાર્થી અગ્રણી કેતનભાઈ ખુમાણ અને અરવિંદભાઈ મેવાડા દ્વારા આપવામાં આવી હતી અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ખૂબ સફળતા પ્રાપ્ત કરે તેવી પણ શુભકામના આપી હતી.

તારીખ : 26/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-1 નું 100% બુકીંગની સફળતા પછી નવી સફળતાની ઉંચાઈઓ સર કરવા જઈ રહ્યું છે...


સાવરકુંડલાની તદ્દન નજીક ભુવા રોડ ઉપર જયાં ઈન્ડસ્ટ્રીઓ કાર્યરત છે તેવા ભરચક તેમજ રોડ ટચ એરીયામાં

# વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2 નુ બુકીંગ શરૂ

## સુવિધાઓ

* સોનાની લગડી જેવા 31 પ્લોટ એ પણ બધાને પોસાય તેવી કિંમતમાં
* લાઈટ કનેકશનની વ્યવસ્થા
* ગટરલાઈનની વ્યવસ્થા
* આખા પ્લોટને ફરતી બાઉન્ડ્રી
* સાર્વજનિક પ્લોટની વ્યવસ્થા
* પાણીનો કોમન દાર તેમજ ઘણુ બધું...

**સાઈટ એડ્રેસ**
ભુવા રોડ, વિહોત ટ્રેડર્સના અને સત્યમ ઈન્ડસ્ટ્રીઝની વચ્ચે, સાવરકુંડલા




**દલાલભાઈઓ આવકાર્ય**

## જયાં સફળતા ડબલ હોય અને તક પણ ડબલ હોય તેવી જગ્યા......

## આજે જ બુકીંગ માટે સંપર્ક કરો...

| અશોકભાઈ બી. ટાંક | કમલેશભાઈ એ. ટાંક | દિનેશભાઈ ભાલાળા |
|---|---|---|
| મો. 98245 12044 | મો. 94290 75585 | મો. 98983 03620 |

तारीख : 26/02/2026

# આનંદીબાઈ ગોપાલ જોષીની આજે પુણ્યતિથિ..

આનંદીબાઈ ગોપાલ જોષી (૩૧ માર્ચ ૧૮૬૫ - ૨૬ ફેબ્રુઆરી ૧૮૮૭) પશ્ચિમી તબીબી શિક્ષણ લઈ સ્નાતક થનાર પ્રથમ ભારતીય મહિલા હતા. (કાદમ્બિની ગાંગુલી એજ વર્ષ ૧૮૮૬માં સ્નાતક થનાર બીજા ભારતીય મહિલા હતા). મહદઅંશે એવું માનવામાં આવે છે અમેરિકાની ધરતી પર પગ મૂકનાર તે પ્રથમ ભારતીય/હિંદુ મહિલા હતા.જન્મ સમયે યમુના નામથી ઓળખાતા આનંદીબાઈનો જન્મ મહારાષ્ટ્રના થાણા જીલ્લામાં કલ્યાણ ખાતે રૂઢિચુસ્ત અને સુખી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તત્કાલીન સમાજ વ્યવસ્થા અને પરિવારના દબાણ હેઠળ ફક્ત ૯ વર્ષની કુમળી વયે તેમના લગ્ન તેમનાથી ૨૦ વર્ષ મોટા અને વિધુર એવા ગોપાલરાવ જોષી સાથે કરવામાં આવ્યા.તેમના પતિએ લગ્ન બાદ તેમનું નામ આનંદી રાખ્યું.ગોપાલરાવ કલ્યાણમાં ટપાલ (પોસ્ટ) ખાતામાં ક્લાર્ક તરીકે કામ કરતાં હતા. ત્યારબાદ તેમની બદલી અલીબાગ ખાતે અને છેલ્લે કલકત્તા ખાતે થઈ હતી. તેઓ સુધારાવાદી વિચારસરણી ધરાવતા હતા અને સ્ત્રી-શિક્ષણના હિમાયતી હતા જે તે દિવસો દરમ્યાન ભારતમાં ઉપલબ્ધ ન હતું. તે દિવસોમાં સંસ્કૃતમાં વિદ્વાન બ્રાહ્મણો ઘણાં હતા પણ લોકહિતવાદી શત પાત્રેથી પ્રભાવિત થઈને તેમણે અંગ્રેજીમાં પણ રસ લીધો. આનંદીબાઈના રસને ધ્યાનમાં રાખીને તેમણે તેને અંગ્રેજી શીખવામાં પૂરી સહાય કરી.૧૩ વર્ષની વયે આનંદીબાઈ ગર્ભવતી થયા અને ૧૪મા વર્ષે તેમણે પુત્રને જન્મ આપ્યો. પૂરતી તબીબી સહાયના અભાવે બાળક માત્ર ૧૦ દિવસમાં મૃત્યુ પામ્યો. એ ઘડી આનંદીબાઈના જીવનની નિર્ણાયક ઘડી હતી અને તેમણે તબીબ/ડોક્ટર બનવાનો સંકલ્પ કર્યો. ગોપાલરાવે તેમને મિશનરી સ્કૂલમાં પ્રવેશ અપાવવા પ્રયાસો કર્યા પરંતુ સફળતા ન મળતાં તેઓ કલકત્તા ચાલ્યા ગયા. અહીં તેમણે સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષા શીખ્યા હતા.કમનસીબે આનંદીબાઈ ક્ષયના રોગમાં સપડાયા અને ભારત પરત આવ્યાના વર્ષની અંદર જ ૨૬મી ફેબ્રુઆરી ૧૮૮૭ના ૨૨ વર્ષની ઉમરના થયા પહેલા અવસાન પામ્યા. તો દરેક માટે પ્રેરણાસ્ત્રોત આનંદીબાઈને તેમની પુણ્યતિથિ નિમિત્તે વંદન કરીએ.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા

સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

કે.ડે. NEWS

તારીખ : 26/02/2026

# દ્વારકાધીશ જગતમંદિરે વસંતઋતુના વધામણાં..



જગવિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે 24 ફેબ્રુઆરી 2026 મંગળવાર થી વસંત ઋતુના આગમનના વધામણા રૂપે ફુલડોલ સુધી રોજ સવારે ૧૦:૪૫ વાગ્યે થતી શ્રૃંગાર આરતી તથા સાંજે ૭:૪૫ વાગ્યે થતી સંધ્યા આરતીમાં કાળિયા ઠાકોરને અબીલ-ગુલાલના છાટણા કરી રંગે રમાડવાનો ભાવ વ્યકત કરાશે. ઠાકોરજી તેમજ ભાવિકોને રંગ રમાડાશે.તા.૨૪ મંગળવારના હોળાષ્ટકનો પ્રારંભ થતા શ્રીજીને સવારે શિંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી બન્ને આરતીમાં અબીલ-ગુલાલની પોટલી ઘરી તેમાથી દર વર્ષે દર્શનાથીઓને રંગે રમાડવાનું શરૂ કરાય છે. આરતી સમયે ભાવિકોને રંગોથી રમાડવામાં આવશે.વસંત પંચમીથી ફુલડોલ (ધુળેટી) સુધી જગત મંદિરમાં વસંતોત્સવ ઉજવાય છે. મંદિરના પુજારી જણાવ્યું કે હોળી અગાવના આઠ દિવસ જે હોળાષ્ટક કહેવાય છે. હોળાષ્ટનો પ્રારંભ થતા જ બન્ને આરતી શિંગાર આરતી તેમજ સંધ્યા આરતીમાં શ્રીજીને અબિલ ગુલાલની પોટલી ઘરી નિજ મંદિર પટાગણમાં દર્શનાથીઓને ઠાકોરજીના પ્રસાદરૂપે રંગોથી રમાડાશે. સંખ્યાબંધ ભાવિકો ભગવાન સાથે સંગ રંગ રમવા ઉમટી રહ્યા છે. અગામી તા.૩ માર્ચ ના ફૂલડોલ ઉત્સવ નિજ મંદિરમાં પુજારી પરીવાર અને ભાવિકો દ્વારા ભવ્ય ઉત્સવ ઉજવાશે તેમા શ્રીજીને ચાંદીની પીચકારી ધારણ કરાય છે. તેમા કેસુડાનો રંગ ભરી શ્રીજીને ફુલડોલ ઉત્સવ ઉજવાય છે. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે અને જય દ્વારકાધીશ નો નાદ ગુંજી ઉઠશે.

કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

# અમરેલી જિલ્લાની તમામ કોર્ટમાં ૧૪ માર્ચે રાષ્ટ્રીય લોક અદાલતો યોજાશે..

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા અદાલત તેમજ જિલ્લાની દરેક તાલુકાની કોર્ટમાં તા.૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. આ લોક અદાલતનો મહત્તમ પક્ષકારો લાભ લઈશકે તે માટે ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષકશ્રી તથા ગુજરાતરાજ્ય કાનૂની સેવ સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસશ્રી દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેકપરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્રદંડથીશિક્ષાપાત્ર જેવાતમામ પ્રકારના કે, રાજ્યના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર હોય તેવા કેસ સમાધાન માટે આ લોક અદાલતમાં મૂકી શકાશે.આ તકનો લાભ લેવા નજીકની તાલુકા, જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળનો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો, કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટની મુલાકાત કરવી, તેમ અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

તારીખ : 26/02/2026

# લાઠી નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનું આયોજન




અમરેલી જિલ્લાના લાઠી નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મેળો સ્થાનિક ઉદ્યોગ, હસ્તકલા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થઈ રહ્યો છે. ત્યારે આ મેળામાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી રાજુભાઈ ભૂતયા, નગરપાલિકાના પદાધિકારીઓ, સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સ્થાનિક વેપારીઓ અને કારીગરોને પ્રોત્સાહન મળે અને “વોકલ ફોર લોકલ”નો સંદેશ વધુ મજબૂત બને તેવી શુભેચ્છાઓ સાંસદશ્રી દ્વારા પાઠવવામાં આવી હતી.





તારીખ : 26/02/2026

# ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ થશે


## પ્રથમ તબક્કામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી આશરે ૧૪ વર્ષની કિશોરીઓને આ રસી આપવામાં આવશે

અમરેલી તા.૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ (ગુરૂવાર) - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાજસ્થાનના અજમેરથી ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણ અભિયાનનો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ કરવામાં આવશે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય સહિત અમરેલી જિલ્લામાં પણ આ અભિયાન અમલમાં મુકવામાં આવશે. આ અભિયાનનો હેતુ સર્વાઈકલ કેન્સરને મૂળમાંથી ખતમ કરવાનો છે. સર્વાઈકલ કેન્સર ભારતમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાંથી એક ગંભીર અને સામાન્ય પ્રકારનો કેન્સર છે, જે HPV વાયરસના સંક્રમણથી થાય છે. HPV રસી લેવાથી આ કેન્સર સામે અસરકારક રક્ષણ મળે છે. સર્વાઈકલ કેન્સરના ૯૦ ટકા કેસ HPV વાયરસના સંક્રમણથી થાય છે. સ્વાસ્થ્ય વિભાગના માર્ગદર્શન મુજબ પ્રથમ તબક્કામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી આશરે ૧૪ વર્ષની કિશોરીઓને આ રસી આપવામાં આવશે. શાળાઓ તેમજ આરોગ્ય કેન્દ્રો દ્વારા રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવશે જેથી તમામ લાભાર્થી કિશોરીઓ સુધી સમયસર રસી પહોંચે. દર વર્ષે દેશમાં સર્વાઈકલ કેન્સરના આશરે ૧.૨૫ લાખ નવા કેસ નોંધાય છે અને લગભગ ૭૫,૦૦૦ મહિલાઓનું મૃત્યુ થાય છે. તજજ્ઞોના મતે નિયમિત સ્ક્રીનિંગ અને સમયસર H P V રસીકરણ દ્વારા આ ગંભીર રોગને મોટા પ્રમાણમાં અટકાવી શકાય છે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આર.એમ. જોશીએ એક યાદીમાં જણાવ્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

# આંખ્યુંના આંજણમાં ફાગણનો કેફ અને અંબોડે કેસુડો લાલ;
# રંગ ને સુગંધના સરવરિયે સંગ સંગ સાંવરિયા રમવાને ચાલ



તારીખ : 26/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3315**
**26/02/26**
**Thrusday**

## आत्मा

सुक्ष्मशरीर से आपका
संबन्ध स्थापीत होने पर
आप को अचानक "चैतन्य"
का प्रवाह महसुस होने
लगता है।

बाबास्वामी
26/2/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/02/2026
SINCE 1923
KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# દ અને દ સમજવામાં બહુ વિચારવું નહીં બપોરના વઘારેલા ભાત અને સાંજે વઘારેલા ભાત.

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 26 ફેબ્રુઆરી મહત્વની ઘટનાઓ

૧૪૧૧ – અહમદશાહે માણેક બુર્જ પાસે અમદાવાદ શહેરનો પાયો નાખ્યો.

૧૬૧૬ – ગૅલિલિયો ગૅલિલિ પર રોમન કેથોલિક ચર્ચ દ્વારા પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે તે દૃષ્ટિકોણ શીખવવા બદલ ઔપચારિક રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

૧૭૭૫ – બલમ્બંગન ટાપુ પર આવેલી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ફેક્ટરીને મોરો ચાંચિયાઓએ નાશ કરી.

૧૯૫૪ – મનાલી શહેરથી લગભગ ૨ કિ. મી.ના અંતરે આવેલ મનાલ્સુ ખાડીના સ્ત્રાવ વિસ્તારને 'પંજાબ પક્ષીઓ અને જંગલી પ્રાણીઓ પ્રોટેક્શન એક્ટ ૧૯૩૩' હેઠળ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો.

૨૦૧૯ - ભારતીય વાયુસેનાના લડાકુ વિમાનોએ બાલાકોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી ટ્રેનિંગ કેમ્પો પર એર-સ્ટ્રાઈક કરી.

## જન્મ

૧૮૯૦ – ચારુચંદ્ર બોઝ, ભારતીય ક્રાંતિકારી અને અનુશીલન સમિતિના સભ્ય (અ. ૧૯૦૯)

૧૮૯૬ – દુલેરાય કારાણી, કચ્છી લોકસાહિત્યના સંશોધક, સંગ્રાહક અને સર્જક (અ. ૧૯૮૯)

૧૯૦૮ – લીલા મજમુદાર, બંગાળી સાહિત્યકાર, બંગાળી બાળસાહિત્યકાર. (અ.૨૦૦૭)

## અવસાન

૧૮૮૭ – આનંદી ગોપાલ જોષી, પ્રથમ ભારતીય મહિલા ચિકિત્સક (જ. ૧૮૬૫)

૧૮૮૬ – નર્મદ, ગુજરાતી સાહિત્યકાર (જ. ૧૮૩૩)

૧૯૬૬ – વિનાયક દામોદર સાવરકર, ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા (જ. ૧૮૮૩)

૧૯૮૯ – દુલેરાય કારાણી, કચ્છી લોકસાહિત્યના સંશોધક, સંગ્રાહક અને સર્જક (જ. ૧૮૯૬)

તારીખ : 26/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 26/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરુદેવ કહે છે...

"સ્વદોષદર્શન એ જો સ્વોત્કર્ષનો પ્રારંભ છે તો પરદોષદર્શન એ સ્વપતનનો પ્રારંભ છે."

આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 26/02/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 26/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**